Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

# JAIN DHARMA PRAKASH.

પુસ્તક ૬ ઠું ફાગણ સુદ ૧૫ સંવત. ૧૯૪૭. અંક.૧૨ મો.

मालिनी

प्रशम रस निमग्नं, दृष्टियुग्मं प्रसन्नं;
वदन कमल मंकः कामिनी संग शून्यः
कर युगमपि यत्ते, शस्त्र संबंध वंध्यं
तदसि जगति देवो, वीतराग स्त्वमेव ॥१॥

प्रगटकर्त्ता.

श्री जैनधर्मप्रसारक सभा
ભાવનગર.

अमदावादमां.
"એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં"
શા० નથુભાઈ રતનચંદે છાપી પ્રસિદ્ધ કર્યું.
શક ૧૮૧૨. સન ૧૮૯૧
મૂલ્ય વર્ષ ૧ નો રૂ૧—૦—૦ આગાઉથી પોસ્ટેજ રૂ૦—૩—૦ જુદું
છુટક અંક એકના રૂ૦—૨—૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## अनुक्रमणिका.


| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| ૧ દાન–શીલ–તપ અને ભાવ વિષયક સંવાદ | ૧૭૭ |
| ૨ વજૂસ્વામીનું ચરિત્ર. | ૧૮૩ |
| ૩ સંબોધસત્તરી. | ૧૮૭ |
| ૪ જ્ઞાનીજનો જીવીત એમ ગાળે. | ૧૯૧ |
| ૫ ચૈતરમાસમાં તિથિઓની વધઘટ તથા જૈનપર્વ. | ૧૯૨ |


## ખાસ સૂચના.

જ્ઞાનનું બહુ માન જ્ઞાનાવરણી કર્મનો ક્ષય કરે છે અને જ્ઞાનની આસાતનાથી જ્ઞાનાવરણી કર્મ બંધાય છે માટે ચોપંાનીઆને રખડતું ન મેલતાં ઊંચે આસને મુકવું અને આદ્યંત લક્ષપુર્વક વાંચી યથાશક્તિ ધર્મ કાર્યમાં પ્રવર્ત્તવું.

## ગ્રાહકોને ભેટ.

## श्री वत्सराजकुमारनुं चरित्र.

અત્યંત રસિક, ચમત્કારિક તેમજ અનેક પ્રકારના ઉપદેશ લેવા યોગ્ય હોવાથી શ્રી શાંતિનાથજીના ચરિત્રમાંથી શ્રી ધનરથ તીર્થંકરે કહેલું ધર્મ કર્મને વિષે તત્પર, એવા વત્સરાજ કુમારનું ચરિત્ર ભાષાંતર કરીને ગ્રાહકોને ભેટ આપવા માટે છપાવવું શરૂ કર્યું છે પરંતુ આ ભેટ જે ગ્રાહકોએ લવાજમ મોકલાવેલું છે તેમજ આવતો અંક બહાર પડ્યા અગાઉ મોકલાવશે તેમનેજ આપવામાં આવશે માટે ગ્રાહકોએ સત્વર પ્રમાદને દૂર કરીને લવાજમ મોકલવા ઉપર લક્ષ આપવું.

જેમણે લવાજમ મોકલેલું હોય તેમણે પોસ્ટેજને માટે અરધો આનો મોકલવો જેથી બુક બહાર પડે કે તરત મોકલાવી શકાય. પોસ્ટેજ નહીં મોકલે તેને પોસ્ટેજ વિના મોકલી શકાશે નહીં. માત્ર અરધો આનો મોકલવો મુશ્કેલ લાગે તો આવતા વરસનું લવાજમ સાથે મોકલવું. અને જેણે લવાજમ મોકલ્યું નથી તેમણે તો અરધો આનો વધારે મોકલવો.

લવાજમ તો વેહેલું મોડું આપવુંજ પડશે પરંતુ હવે વર્ષ પુરૂં થઈ ગયેલું છે છતાં લવાજમ નહી મોકલે તેને પાછળથી ભેટ નહીં મળે એ પ્રત્યક્ષ નુકશાન છે. વળી જ્ઞાન ખાતાનું લેણું છે એટલે આપ્યા વિના તો છુટકોજ નથી. સબબ એક વર્ષના અને તેથી વધારે વખતના દેણદારોએ તાકીદે લવાજમ મોકલવું.

## हर्षदायक समाचार.

श्री अजीमगंज जीले मुर्शीदाबादमां मुनीराज महाराज श्री आ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

## JAIN DHARMA PRAKASH.

દોહરો.

ઘંટા નાદ વગાડતાં, ખરરર થાય આકાશ;
તેમ ભૂતળ ગજાવતું, પ્રગટયું જૈનપ્રકાશ. ૧

પુસ્તક. ૬ ઠું. શાક ૧૮૧૨. ફાગણ શુદિ ૧૫. સંવત ૧૯૪૭. અંક ૧૨ મો

## (दान-शील-तप-अने भाव विषयक संवाद.)

( લખનાર મુનીરાજ શ્રી શાંતિ વિજયજી )

### दान.

દાન કહે છે—અરે શીલ તને ખબર છે કે-શાસ્ત્રકારોએ સર્વથી આદ્યમાં મને શ્યા માટે ધર્યું ? સાંભળ ! આખી દુનિયામાં એ તો પ્રગટજ છે કે-પ્રાતઃસમયમાં સર્વ મનુષ્યો પ્રથમ દાતારનુંજ નામ લેવું શ્રેષ્ઠ ગણે છે અર્હત્ પણ દીક્ષા લેતી વખત પ્રથમ વર્ષ પર્યંત વર્ષીદાન દઇ પછી દીક્ષા લેવી શ્રેષ્ઠ ગણે છે. તીર્થંકર જ્યાં તપનું પારણું કરે અર્થાત્ જ્યાં તીર્થંકરોને ગૃહસ્થ ભોજનદાન દીએ ત્યાં હું સાડાબાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ કરૂં, જે મનુષ્ય વશ ન થતો હોય તેને ક્ષણમાં હું વશ કરી આપું, રીસાયેલાને મનાવી આપું. અને અપવાદ બોલનારને પણ હું ક્ષણમાં સ્તુતિ બોલનાર બનાવી દઉં.

વિચાર કર ! રીષભદેવ પ્રભુએ પ્રથમ ધનાસાર્થવાહના ભવમાં મુનિજનો પ્રત્યે ઘૃતદાન દીધું તો તીર્થંકર પદ પામ્યા, બાહુ મુનિયે પાંચસે

For Private And Personal Use Only

મુનિને આહાર પાણી લાવી આપવાથી આગલા જન્મમાં ભરતચક્રવર્તિ પણાનું પુન્ય ઉપાર્જન કર્યું, માસક્ષપણ તપ કરનાર મુનિને પારણે ક્ષીરનું દાન દઈ શાલિભદ્રે દીવ્ય સંપદા ભોગવી, શ્રેયાંસ કુમારે રીષભદેવ ભગવાનને સેલડી રસથી પડીલાભ્યા તો સંસારનો અંત કરી તેજ જન્મમાં મુક્તિ મેળવી, ચંદનબાલાએ અડદના બાકુલા મહાવીર પ્રભુને વેરાવ્યા તો તેજ વખત દુર્દશાનો અંત થયો, દીવ્યરૂપ થયું અને પંચ દીવ્ય પ્રગટ થયા, શાંતિનાથ પ્રભુએ પૂર્વ ભવમાં પારેવાને અભયદાન દીધું જેથી કે તીર્થંકર અને ચક્રવર્તિપણાનું પુન્ય પ્રગટ થયું, મેઘ કુમારે હાથીના ભવમાં સસલાને અભયદાન દીધું તો મહા રીદ્ધિમાન શ્રેણિક રાજાને ઘરે પુત્રપણે ઉત્પન્ન થયો—આ પ્રમાણે અનેક જીવો દાનથી સુખ પામ્યા. અનેક જીવો રીદ્ધિ સિદ્ધિ અને સુખસંપદા પામી મુક્તિના સુખને સંપ્રાપ્ત થયા અને અનેક જીવો મહા મહા સંકટોથી પણ ક્ષણ માત્રમાં છુટયા. દાન દેનાર મનુષ્યની કીર્તિ દેશો દેશ વ્યાપ્ત થાય છે. મૃત્યુ પામેલ મનુષ્યની પણ દાન ગુણથી સર્વને સ્મૃતિ થાય છે. માટે મારી બરાબરી કરવા દુનિયામાં કોઈ સમર્થ નથી.

## ( शील. )

શીલ—અરે ! નિર્લજ્જ દાન ! શેનો ગર્વ અને અહંકાર કરે છે. દાતાર પુરૂષને જો અંતરાય કર્મનો ઉદય હોય તો છતી લક્ષ્મીએ પણ તને કોણ પુછે છે કે દાન ક્યાં પડયું છે ? સદા યાચક, દીન અને હીન મનુષ્યોથી તો તારે ગોષ્ટી રહે છે. ધીક્કાર છે તને કે—તારે વાસ્તે જીનેંદ્રોને પણ નીચા કર કરવા પડે છે, માટે માન કરવું મુકી દે, શું ચાકર આગળ ચાલે તો તેથી તેને કોઈ ઠાકર કહેશે ? શું થયું જો તું જરા આગળ લખાયું તો તેથી કાંઈ મહત્વતાને પાત્ર તું થઈ શકવાનું નથી. કોઇ મનુષ્ય સુવર્ણનું જીનાલય બનાવે અને કોડ સોનૈયાનું દાન દે તોંપણ શું મારી બરાબરી થઈ શકે ? મને જે યથાર્થ રીતે આદરે તેની દેવો પણ કીંકરતા કરે, સંકટો મૂળથી વિનાશ પામે—સુખસંપદા ઘર આંગણે વસે અને સર્પ નિર્વિષ થઈ જાય. શીલવાનની સામે અગ્નિદાહ કરી ન શકે, હાથી અને સિંહો પણ દીનતા કરે અને જંગલમાં મંગલ થાય. મને આરાધી અનેક જીવો સંસાર બંધનથી છુટયા. છુટે છે અને ભવિષ્યકાળમાં અનેક છુટશે. કહાં રંક અને કહાં રાજા—તારી ને મારી બરાબરી કલ્પાંતે પણ થઈ શકવાની નથી.

સાંભળ ! કલેશપ્રિય નારદરિષિ ફક્ત મારા પ્રભાવથીજ તર્યાં. સંખરાજાએ પોતાની કલાવતી નામે રાણીના કંકણો દેખી આવાં કંકણો આ ક્યાંથી લાવી–એવો વહેમ પડવાથી તેના હાથ કપાવી નંખાવ્યા અને કુશીલણીનું કલંક આપી વનમાં મોકલાવી દીધી. તે કલાવતીને મેં સાહાય્ય કરી અને તેના કર કમળ નવ પલ્લવ કર્યા અને જડામૂળથી કલંક ઉખેડી નાખ્યું. બોલ ! તેં દપમાં તારૂં શું ચાલ્યું ! સીતાનું કલંક પણ મેંજ ઉતાર્યું, અગ્નિકુંડમાં જલ પ્રવાહ બનાવ્યા, ચંપાનગરીના દરવાજા ઉઘાડ્યા અને ચાલણીવડે કુવામાંથી સુભદ્રા સતીએ જ્યારે જળ કાઢ્યું ત્યારે પણ મેંજ પ્રભાવ દેખાડ્યો. રાજાએ સુદર્શનશ્રેષ્ટીને શૂલીપર ચડાવ્યો ત્યારે મેંજ શૂલીને ઠેકાણે સિંહાસન કર્યું. પાંડવોની પ્રિયા દ્રોપદીને પ્રતિ પક્ષી કૌરવોની સભામાં એકસોને આઠવાર મેં ચીવર આપ્યાં અને જય જયકાર વર્તાવ્યો. વળી.

( शार्दूलविक्रीडितं. )

ब्राह्मी चंदनबालिका भगवती राजीमती द्रौपदी,
कौशल्या च मृगावती च सुलसा सीता सुभद्रा शीवा;
कुंती शीलवती नलस्य दयिता चूला प्रभावत्यपि,
पद्मावत्यपि सुंदरी प्रतिदिनं कुर्वंतु वो मंगलं ॥ १ ॥

બ્રાહ્મી ચંદનબાલા, દવદંતી, ચેડારાજાની સાત પુત્રી, રાજીમતી અને સુંદરી વિગેરે સતીયોના વૃંદને મેંજ ભવપાર કર્યો. સ્થૂલભદ્રને ૮૪, ચોવીશીએ હુંજ પ્રસિદ્ધિને પાત્ર કરીશ. વજ્રસ્વામી, સુકોશલરિષિ, જંબૂસ્વામી અને મનકપુત્ર વિગેરે મારા પ્રભાવથીજ પ્રભાવિક પુરૂષો કેહેવાણા. અન્ય વ્રત નીયમો મનુષ્યોને સેહેલ છે, પણ મને આદરવું સેહેલ નથી. વિરલા મનુષ્યોજ મને પાળી શકે છે.

( दुहा. )

ज्ञानी ध्यानी संयमी, शूरा धीरा अनेक;
तपीया तो दीसे घणा, शीलवंत नर एक. १.

માટે મારૂં તેજ કોઈથીજ સહન થઈ શકે છે. ક્યાં કેશરીસિંહ અને ક્યાં હરણ–માટે હે દાન ! વક્રતા છાંડી સ્વીકાર કર કે **શીલ વડું સંસાર.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ( तप. )

તપ—અરે ! શીલ અને દાન-તમે બંને શ્યા માટે કલેશ કરી પોતાનાજ પગ ઉપર પરશુ પ્રહાર કરો છો? મારી સામે તમારૂં બંનેનું મ્લાનમુખ છે. નારીથી ડરી ડરી ખુણે પેસી જનાર રંક શીલ ! તારી શીતાકાત છે કે મારી બરાબરી કરી શકે ! તારે વાસ્તે કેટલી તો ચોકી અને કેટલો બંદોબસ્ત થાય ત્યારે તારૂ ગુજરાન ચાલે. નવવાડ હોય તો તું બચે. નહી તો ખબર નહી ક્યાં સંતાવું પડે. મારા શરણવિના તારો નિર્વાહ થવાનો નથી. તુંજ સ્વીકાર રાખે છે કે-મને આરાધનારે, પુષ્ટીકારક ભોજન ન કરવું. તારે મોઢેથીજ સિદ્ધ થાય છે કે તપ ઉપાદેયરૂપ છે. સોમાં એક આદરે અને ઘણા તને છાંડે. તારો ભંગ થયે ચાર વ્રત ભંગ થાય. નિકાચિત કર્મબંધ તોડવા તારી શક્તિ નથી. એ શક્તિ તો શાસ્ત્રકારોએ મારામાંજ સ્થાપન કરેલી છે. અર્હત્ પણ મનેજ આદરી કેવળજ્ઞાન સંપાદન કરે છે. જીવોના નિકાચિત કર્મ હુંજ ખપાવી દઉંછું. મારી લબ્ધિથી જંઘાચારણ મુનિયો રૂચક અને નંદીશ્વર વિગેરે સ્થાનો સુધી ક્ષણમાં ગમન કરી શકે છે. લક્ષ યોજનનું રૂપ કરવું હોય કિંવા કુંથુ સમાન લઘુ થઈ જવું હોય કિંવા હાથી, અશ્વ, રથ, અને પાયદલ વિગેરે જે જે થવા ઈચ્છે તે તે તપસ્વી મનુષ્યથી થઈ શકાય છે. મારા કર સ્પર્શથી કોઢીયાનો કોઢ જાય, વિષગ્રસ્તનું વિષ નાસે અને સર્વ પ્રકારનાં સંકરો વિલાયમાન થઈ જાય.

મેં દઢ પ્રહારી જેવા હિંસકોને થોડા સમયમાં મુક્તિનું અતીંદ્રિય સુખ સંપ્રાપ્ત કર્યું. છ પુરૂષ અને એક સ્ત્રીની રોજ ઘાત કરનાર અર્જુન માલીને પણ ઘોર કર્મ નાશ કરી મેંજ મુક્તિનું દ્વાર દેખાડ્યું. વસુદેવને સ્ત્રી વલ્લભપણું પણ મેંજ નિપજાવ્યું. પૂર્વ જન્મમાં મને આરાધવાથી બહોતર હજાર સ્ત્રી અને મેરૂ સમાન સંપદા વસુદેવને હસ્તગત સંપ્રાપ્ત થઈ. જાતના ચંડાલ હરિકેશી મુનિને દેવોના પૂજનીક કર્યા. વિશ્નુ કુમારે સંઘના કાર્યથી લક્ષ યોજનનું રૂપ કરવું વિચાર્યું તો તે વખતે તરત મેંજ સાહાય કરી. મહાવીર સ્વામીયે ચૌદહજાર મુનિયોમાં ધન્ના અણગારને શ્યા માટે વખાણ્યા ? શું ચૌદ હજાર મુનિયો તને નહી પાળતા હતા ? સ્વીકાર કરકે તપની તુલ્યતા ન થઈ શકે. નેમનાથ પ્રભુએ કૃષ્ન વાસુદેવની સામે ઢંઢણરિષિ દુષ્કરકારક વર્ણવ્યા ત્યાં પણ મારૂંજ મહાત્મ્ય જાણ નંદીષેણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિ વૈશ્યાને ગૃહે વહોરવા ગયા અને ધર્મલાભ દીધો, વેશ્યાએ કહ્યું-મહારાજ! ઇહાં તો અર્થ લાભ જોઇએ, તે વખતે તેણીનાજ ઘરનું એક તૃણ ખેંચી સાડાબાર ક્રોડ સાનૈયાની વૃષ્ટિ મારા પ્રભાવથીજ કરી. અનેક મુનિયો તપ સમાધિથી સંસારનો અંત કરી ગયા. મારૂં આરાધન કરવું અને મીણના દાંતથી લોઢાના ચણા ચાવવા એ એક સરખું છે. એ તો પ્રસિદ્ધજ છે કે-ભવ્ય અને અભવ્યમાં ભવ્ય જીવની મુક્તિ છે અભવ્યની નથી. તેમાં પણ સમ્યક્તધારીની મુક્તિ છે, મીથ્યાત્વીની નથી. તેમાં પણ વ્રતધારીની મુક્તિ છે અવ્રતિની નથી. તેમાં પણ અણાહારીની મુક્તિ છે આહારી મનુષ્યની મુક્તિ નથી. છેવટે મારા શરણવિના મુક્તિ પદ નથી. માટે હે દાન! અને શીલ! બંને સ્વીકાર કરો કે. **"તપ વડું સંસાર."**

## ( भाव. )

ભાવ—અરે દાન! શીલ! અને તપ! તમે ત્રણે અંતમાં તો નપુંસકજ છો. વ્યાકરણ શાસ્ત્ર સમીપ તમે ત્રણે મારાથી નિમ્ન મુખ થઈ જવાના છો. નપુંસકોની શક્તિ નથી કે પુરૂષને અપાસ્ત કરી શકે. એ તો પ્રસિદ્ધજ છે-કે ભાવ વિનાની સઘળી ક્રિયા મુડદા તુલ્ય છે. ભાવ વિના સઘળું અનુષ્ટાન જ્ઞાનીયોએ દ્રવ્ય અનુષ્ટાન કહ્યું છે. તમારા ત્રણેનું મારાવિના કાર્ય સરવાનું નથી માટે અંગીકાર કરો કે **"ભાવ વડો સંસાર"**

અરે તપ! તારે તો ગર્વીષ્ટ થવું તદન વ્યર્થ છે. સાંભળ! પ્રથમ તો તારામાં કષાયનો ઉદય વધારે રહે છે. દુનિયામાંપણ વિદિતજ છે કે તપસ્વીઓ વધારે ક્રોધી હોય છે. ક્રોધથી ક્રોડ પૂર્વનો તપ પણ ક્ષણ માત્રમાં વિનાશ થઇ જાય છે. મુગ્ધ! ખંદકરિષિને નિયાણું તેંજ કરાવ્યું જેથી દેશોના દેશો તે અણગારે દગ્ધ કરી નાખ્યા. દ્વીપાયનરિષિને પણ તેજ દુહવ્યા અને દ્વારિકાનો દાહ કરાવ્યો. અનેક શાસ્ત્રકારોએ વર્ણવ્યું છે કે-તપનું અજીર્ણ ક્રોધ કહે! તારીને મારી બરાબરી કયાં? કયાં અમૃત અને ક્યાં વિષ? ભોજનમાં જેમ લવણની આવશ્યકતા છે. તેમ સર્વ ક્રિયા અનુષ્ટાનમાં મારી આવશ્યકતા છે. દેવગુરૂ ધર્મનાં આરાધનમાં અને મણિ મંત્ર તથા ઔષધીની સિદ્ધિમાં ભાવ (આસ્તા) વિના કાંઇ પણ સિદ્ધ થઇ શકતું નથી. તમારે ત્રણને તો મારા વિના ચાલવાનું નથીજ, અને તમારા વિના હું પોતાનું કાર્ય ચલાવી લેવા કોઈ પણ પ્રકારથી અસમર્થ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમ તો પ્રસન્નચંદ્ર રાજરિષિને મેં કેવળજ્ઞાન આપ્યું. નાટક કરતાં વંશ ઉપર આરૂઢ થયેલા એલાચીકુમારને મેં અંતર્મુહુર્તમાં ભવપાર કર્યો. કુરગડુમુનિને પણ મેં નિસ્તર્યો. વૈરાગ્યભાવમાં ચડેલ કપિલમુનિએ ક્ષણમાં કેવળીપણું લીધું. ગચ્છ પતિ અનિકાસુત ક્ષીણ જંઘાબલ થએલ પણ ક્ષણમાં અંતકૃત કેવલી થયા. ગોતમસ્વામીએ અષ્ટાપદ તીર્થથી આણેલા પન્નરસેં તાપસોને પણ તત્કાલ કેવલરત્ન મેંજ આપ્યું. ખંદકરિષિના શિષ્યોને પાલકે જ્યારે ઘાણીમાં પીલ્યા ત્યારે શુભ ભાવવડે જન્મ મરણથી મેંજ મુકાવ્યા. રાત્રી સમય ચંડરૂદ્ર આચાર્યે ચાલતા નવ દિક્ષિત શિષ્યના મસ્તકમાં દંડ પ્રહાર કર્યો અને તે શિષ્યે મનમાં શુભભાવ આણ્યો તો તેને કેવળજ્ઞાન સંપ્રાપ્ત થયું. બાદ ગુરૂને પણ વિદિત થયે પશ્ચાતાપ આવ્યો અને શુભ ભાવના ગર્ભિત ભાવ વૃદ્ધિથી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. પુન્યાઢ રાજાને ગૃહસ્થ અવસ્થામાંજ અંતકૃત કેવળીપણું પ્રાપ્ત થયું. ભરતચક્રી અને મરૂદેવી વિગેરે તો ફક્ત બે ઘડીજ મને આરાધવાથી સંસારનો અંત કરી ગયાં. બલભદ્ર મુનિને જંગલમાં રથકાર (સુતાર) દાન દેતો હતો અને મૃગલાએ તે દેખી અનુમોદના કરી તો તેને મેં પાંચમે દેવલોક મોકલ્યો.

મૃગાવતીએ પોતની ગુરૂણી ચંદન બાલા પ્રત્યે પોતાનો અપરાધ ખમાવતાં મને મનમાં ધાર્યો તો તેણીને કેવળજ્ઞાન ઉપન્યું. દુર્ગતા નામે નારી મહાવીર પ્રભુને નગર બહાર પધાર્યા જાણી પૂજન કરવાના વિચારથી કુસુમ વિગેરે સામગ્રીથી પરીપૂર્ણ થઈ પૂજવા ચાલી અને રસ્તામાંજ કાળ ધર્મને સંપ્રાપ્ત થઈ તેને મેં સ્વર્ગવાસ આપ્યો. આષાઢભૂતિ મુનિ નાટક કરતાં કેવળી થયા. સોમીલ વીપ્રે દ્વારકા નગરીની બહાર સ્મશાનમાં કાયોત્સર્ગથી ધ્યાનારૂઢ થએલા ગજસુખમાલના મસ્તક ઉપર અગ્નિની અંગીઠી ધારણ કરી અને દુર્દશા કરવાનો વિચાર કર્યો પણ તે રિષિને મેં અંતર્મુહર્ત્ત કાળમાં મુક્તિ પહોચાડયો. ગુણસાગર અને પૃથ્વીચંદ મોહની રાજધાનીમાં બેઠા છતાં મારી સાહાય્યવડે કેવળી થયા.

આ શિવાય બીજા અનેક જીવો મારી સહાય્યવડે સંસાર સમુદ્રથી તર્યા તરે છે અને ભવિષ્યત્કાળમાં તરશે. માટે મારી બરાબરી તમારા કોઈથી થઈ શકવાની નથી.

ચારે જણે સંવાદ કરતાં એક સર્વજ્ઞ ભગવાનની સભામાં જઈ ન્યાય થવા અરજ કરી—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વજ્ઞ પ્રભુ તરફથી ઉત્તર મળ્યો કે સર્વ વસ્તુ આપ આપણે ઠેકાણે શ્રેષ્ટ છે. પોતાના સ્થાનથી ભ્રષ્ટ થયે પ્રાયે સર્વ દીન હીન છે. તોપણ એટલું તો બેશક કહી શકાય છે કે–દાન, શીલ અને તપ–એ ત્રણ ભાવ વિના કૃતાર્થ થઈ શકતાં નથી. અને ભાવ એ ત્રણ વિના એકાકી કૃતાર્થ થઈ શકવા સમર્થ છે. અર્થાત્ જ્યાં ભાવ રહે છે ત્યાં ત્રણેને ખેંચાઈને આવવું પડે છે. અને જ્યાં ત્રણે છે પણ ભાવ નથી ત્યાં કાર્ય સિદ્ધિ નથી. જેમ નેત્રમાં અંજન કરવાથી નૈત્રની ખુબી વૃદ્ધિને પામે છે તેમ સર્વ ક્રિયામાં ભાવથી નિવૃત્તિ સુખ પ્રાપ્તિની વૃદ્ધિ થાય છે. માટે ચારમાં ભાવની પદવી અધિક છે.

આ—વૃત્તાંતથી સાર એ લેવાનો છે કે–દાન શીલ અને તપ પૂર્વક શુદ્ધ ભાવથી ધર્મ આરાધન કરવું એ મુક્તિ પંથ છે. સંસાર સમુદ્રથી પાર જવાને આ ચાર સેતુ ( પુલ ) સમાન છે. જે જીવો મુક્તિ ગયા તે આ ચારને આરાધીનેજ ગયા. દાન કરવું ઉદારતા ગુણ વિના બની શકતું નથી. જ્યાં સુધી પરિગ્રહ ઉપરથી મમતા નથી ઘટી ત્યાં સુધી ધર્મ પ્રાપ્તિ નથી. શીલ પાળવું વૈરાગ્ય ભાવવિના કદિ બની શકતું નથી. વૈરાગ્ય ભાવ શાસ્ત્ર શ્રવણની અપેક્ષા રાખે છે, શાસ્ત્ર શ્રવણથી હેય વસ્તુ છોડવા વિચાર આવે છે, હેય વસ્તુ છોડવી એજ તપ છે. ત્યાં પ્રાયે ભાવ જરૂર હોય છે. જ્યાં ભાવ છે ત્યાં ધર્મ છે. અને જ્યાં ધર્મ છે ત્યાં મુક્તિ છે.

( તથાસ્તુ. )

---

# श्री वज्र स्वामीनुं चरित्र.

સાંધણ પાને ૧૬૫ થી

એવામાં ધર્મ દેશના રૂપ વારિના મેઘ સમાન, ભગવાન્ **વજ્રસ્વામી** વિહાર કરતાં **પાટલીપુત્ર** પત્તન તરફ ગયા. **વજ્રસ્વામીને** પોતાના નગર તરફ આવતા સંભળી **પાટલીપુત્રનો** રાજા મહત્ ઋદ્ધિ અને પરિવારે યુક્ત તેમની સામે ગયો. ત્યાં **વજ્રર્ષિના** તપ લક્ષ્મીએ શોભતા મુનિજનોના ટોળાં આવતાં જોયા. તેઓને જોઈ રાજા વિચારવા લાગ્યો કે–'આ સર્વે સાધુઓ કાંતિવાળા–મધુર આકૃતિવાળા–વિકસ્વર મુખવાળા–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રિય વદનારા–કરૂણા રસના સાગર સરખા–સમતાને ભજનારા અને મમતાનો ત્યાગ કરનારા જણાય છે; આમાં ગચ્છના નાયક–પ્રથમ વંદ્યભગવાન્ વજ્રસ્વામી કયા તે હું જાણતો નથી. હવે શું કરૂં ? શી રીતે જાણું ? ' એમ વિચારી ક્ષણ વાર ઉભો રહી સાધુઓ પ્રત્યે પુછયું 'હે મહર્ષિઓ ! આમાં **વજ્રસ્વામી** ક્યાં છે તે કહો ? '

મુનિઓએ કહ્યું 'રાજન્ ! વજ્રસ્વામીના અમે પાર્શ્વવર્તિ છીએ. હે અમને **વજ્રસ્વામી** તરીકે ન જાણ ! કારણ કે કયાં સૂર્ય અને કયાં ખદ્યોત.' એમ સર્વ મુનિવૃંદને પુછયા પછી રાજાએ અંતિમ સમુહને વિષે રહેલા–મોહરૂપ પર્વતને તોડવામાં વજ્ર સમાન–**વજ્રસ્વામી**ને જોયા. તેમને જોઈ હર્ષ પામી પોતાના મુકુટનેવિષે રહેલા રત્નના અંશુરૂપ જળવડે તેમના ચરણને સ્નપન કરતો હોય તેમ નૃપતિએ વારંવાર નમન કર્યું. પછી **વજ્રસ્વામી** પરિવારે સહિત વૃક્ષોની છાયાવાળા ઉદ્યાનને વિષે સમવસર્યા. ત્યાં પીઠિકા ઉપર બેઠેલા **વજ્રસ્વામી**ના ચરણકમળ મહીનાથે સુગંધી યક્ષકર્દમવડે ચર્ચિત કર્યા. પછી **વજ્રાચાર્યે** અમૃત સરખી મધુર વાણીથી મોહરૂપી અંધકારનો ધ્વંસ કરવાને દીપિકા સમાન દેશના આપી. ક્ષીરાસ્રવ લબ્ધિમાન્ **વજ્રસ્વામી**ની તે દેશના શ્રવણ કરી રાજા અત્યંત હર્ષ ચિત્તવાળો થયો. દેશનાંતે મુનિ મહારાજને નમસ્કાર કરી રાજા પોતાના ભુવન પ્રત્યે ગયો ત્યાં અંતઃપુરની રાણીઓને બોલાવીને કહ્યું 'હે સુલોચનાઓ ! મેં આજે બ્હારના ઉદ્યાનને વિષે રહેલા–ધર્મ દેશનારૂપ ક્ષીરના સાગર સમાન–**વજ્રસ્વામી**ને વાંદ્યા. તેમને વંદન કરીને–જોઈને, અને તેમની ધર્મ દેશના શ્રવણ કરીને મારા ગાત્ર, નેત્ર અને શ્રોત્ર કૃતાર્થતાને પામ્યા. આજના દિવસનેજ હું દિવસરૂપે ગણું છું કારણ કે આજે જ્ઞાને કરીને સૂર્ય સમાન **વજ્રસ્વામી**ના મારે દર્શન થયા. એમના દર્શનથી ધન્ય થયો એટલુંજ નહિ પણ આજે તેમના મુખથી અરિહંતનો ધર્મ શ્રવણ કર્યો. હે દેવીઓ ! તમારે પણ તે આચાર્યના દર્શન કરવા યુક્ત છે માટે તમે જલદી જાઓ કારણ કે **મુનિયો પવનની જેમ અનેક સ્થળે વિચરનારા હોય છે.**

રાણીઓ બોલી—'રાજન્ તેમને વંદન કરવાની ઇચ્છાવાળી અમે છીએ તેમાં આપની આજ્ઞા મળી એ તૃષાતુરને નદી પ્રાપ્ત થયા જેવું બન્યું.'

પછી રાજાની આજ્ઞાવડે સુખપાલને વિષે બેસી રાણીઓ **વજ્રસ્વામી**થી

For Private And Personal Use Only

વિભૂષિત થએલ ઉદ્યાન પ્રત્યે ગઈ. લોકોના મુખથી વજ્રને આવ્યા સાંભળી રૂક્મિણી યોગિનીઓ જેમ આત્માનું ધ્યાન કરે તેમ તેનુંજ ધ્યાન કરતી રહી. બીજે દિવસે પોતાના પિતા પ્રત્યે જઈને કહ્યું-કે વજ્રસ્વામીને વરવાની હું નિરંતર ઈચ્છા રાખું છું તે અત્રે આવ્યા છે માટે તમે મને તેના પ્રત્યે આપો, નહિતો મારે મરણ એજ શરણ છે. આ મારી વાણી પત્થરને વિષે રેખા જેવી નિશ્ચળ સમજવી. મારી કુલીન સખી જનનો ત્યાગ કરી હું પોતે આપને કહું છું તેનું કારણ મારા પુણ્યયોગે વજ્ર અત્રે આવ્યા તેજ છે. જ્યારે જ્યારે તે અહીં આવે છે ત્યારે વધારે વખત રહેતા નથી. કેમ જાણીયે કે ઉડી ગયેલા પક્ષિની જેમ પાછા ક્યારે આવશે? માટે હે તાત ! હવે વિલંબ ન કરતા મને વજ્ર પ્રત્યે આપો. ચિરકાળના કૌમારપણાથી દીન થયેલી મને જોઈને તમને દુઃખ નથી થતું?'

તેના એ પ્રમાણેના આગ્રહથી **ધનશ્રેષ્ટી** તેણીને વિવાહ યોગ્ય સર્વ અલંકારથી ભૂષિત કરી વજ્રસ્વામીની સમીપે લઈ ગયો. લોભના વશથી મારી પુત્રીને વરે એવી બુદ્ધિથી તે શેઠે અગણિત દ્રવ્ય પોતાની સાથે લીધું હતું. આગલે દિવસે જ્યારે **વજ્રસ્વામી** દેશના આપતા હતા ત્યારે ભક્તિમાન્ નાગરિકો આ પ્રમાણે બોલતા–'અહો આ **વજ્રસ્વામીનું** સૌસ્વર્ય આશ્ચર્યકારી છે; કારણ કે તેમની દેશના શ્રવણ કરવાથી આનંદમગ્ન થયેલ પ્રાણિઓને મુક્તિ સદૃશ અવસ્થા પ્રાપ્ત થાય છે. સર્વ ગુણ રૂપ રત્નના મહોદધિ સમાન **વજ્રસ્વામીના** ગુણને યોગ્ય જો તેમનું રૂપ હોત તો શું કહેવું? જ્યારે નગર સમીપે પ્રવેશ કર્યો ત્યારે પુરજનોને ક્ષોભ પામવાની શંકાએ **વજ્રસ્વામીએ** પોતાનું રૂપ શક્તિવડે સંક્ષિપ્ત કર્યું હતું તેથી લોકો એ પ્રમાણે વાત કરતા. તેઓના સંલાપથી અતિશયવંત **વજ્રસ્વામીએ** જ્ઞાનબળે તેઓના મનોગત ભાવ જાણ્યા. બીજે દિવસે અનેક લબ્ધિના યોગે કમલાના નિવાસ સરખું સહસ્રપત્ર કમલ બનાવ્યું અને પછી સ્વાભાવિક અદ્‌ભુત રૂપ કરીને રાજહંસની જેમ તેની ઉપર ભગવાન્ **વજ્રસ્વામી** બેઠા. તે સમયે અમરકુમારનો પણ પરાજય કરે તેવું રૂપ જોઈને લોકો જાણે ગીતનો અભ્યાસ કરતા હોય તેમ મસ્તક ધુણાવવા લાગ્યા કે 'આવુંજ ગુરૂ મહારાજાનું સ્વાભાવિક રૂપ છે. આજે ગુણોનો અને આકૃતિનો સદૃશ સમાગમ થયો.' તે સમયે ગુરૂ મહારાજાએ હું લોકોને પ્રાર્થનીય ન થાઉં એવી શંકાથી આગલા દિવસની

For Private And Personal Use Only

જેવું સામર્થ્યરૂપ શક્તિવડે કર્યું. એ પ્રમાણે જોઈ વિસ્મયથી પ્રફુલ્લિત મનવાળો રાજા બોલ્યો 'નિશ્ચયે **વજ્રાચાર્ય** યથેષ્ટરૂપ નિર્માણ લબ્ધિવાળા છે. **ધનશ્રેષ્ઠી** પણ તેવી હકીકત જોઈ **વજ્રસ્વામી** પ્રત્યે વરવાને આગ્રહવાળી પોતાની પુત્રિના વખાણ કરવા લાગ્યો. સ્વાર્થ પ્રાર્થના કરવાને ઈચ્છિત **ધનશ્રેષ્ઠીના** હૃદયમાં ગુરૂમહારાજાની દેશના ઉચ્ચસ્થળને વિષે ઉદકની જેમ-રહી નહિ. દેશનાંતે **ધનશ્રેષ્ઠી** બદ્ધાંજળી થઇને બોલ્યો 'સ્વામિ ! કૃપા કરીને આ મારી પુત્રીનું ઉદ્વહન કરો. અમર સદૃશ આકારવાળા આપ ક્યાં અને માનુષકીટિકા સદૃશ મારી પુત્રી ક્યાં? તોપણ કૃપા કરીને તેણીને અંગીકાર કરો કારણ કે **મોટા પુરૂષને વિષે કરેલી પ્રાર્થના વૃથા ન હોય**. વિવાહાનન્તર હસ્તમોચન પર્વને વિષે હું અસંખ્ય દ્રવ્ય તમને આપીશ.'

તેને અજ્ઞ જાણી-જરા હસીને કરૂણાને વિષે તત્પર **વજ્રસ્વામી** બોલ્યા 'તારી દ્રવ્યકોડી અને તારી કન્યાએ કરીને સર્યું કારણ કે ... વિષય છે. વિષની ઉપમાવાળા તે વિષયો આદિમાં મધુર અને પરિણામે અતિદારૂણ હોય છે. વિવેચન કરતા વિષયો વિષથી પણ વધે છે કારણ કે તે પ્રાણિઓને જન્માંતરમાં પણ અનર્થના હેતુ થાય છે. વિષયોને દુઃખના હેતુ જાણીને તેને હું કેમ અંગીકાર કરૂં? કારણ કે ચોર જણાયા પછી અસાર વસ્તુ પણ ગ્રહણ કરવાને શક્તિમાન થતા નથી. જો મહાનુભાવવાળી તારી કન્યા મારે વિષેજ રાગવાળી છે તો મેં ગ્રહણ કરેલી પ્રવ્રજ્યા તેણીએ પણ ગ્રહણ કરવી. જો તે કુલીના મનથી મનેજ ઈચ્છે છે તો પરલોકને વિષે હિત થવાની ઈચ્છાથી તેણીને દિક્ષા અંગીકાર કરવી એજ યુક્ત છે. અથવા મારી અનુજ્ઞાવડે નિર્વાણને વિષે અર્પણ કરેલી છે લગ્નિકા જેણે એવી પ્રવ્રજ્યાને એ અંગીકાર કરે. હું તેના હિતને અર્થે કહું છું કે તારી પુત્રી કંટકતરૂની છાયા જેવી અનર્થ પ્રદાયિની વિષયાસક્તિ ન અંગીકાર કરે.'

ભગવાન્ **વજ્રસ્વામિની** એવી કોમળ વાણીથી અલ્પકર્મા રૂક્મિણી પ્રતિબોધ પામી અને ત્યાં દિક્ષા અંગીકાર કરી. તે સમયે જેને વિષે આવી નિર્લોભતા છે એવો આજ ધર્મ શ્રેયસ્કર છે એમ વિચારી ઘણા અન્યજનો પણ પ્રતિબોધ પામ્યા. (અપૂર્ણ.)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# संबोधसत्तरी.

સાંધણ પાને ૧૭૪ થી.

सव्वाओ विनइओ कमेण जहसायरंमिनिवडंति ।
तह भगवइ अहिंसिं सव्वेधम्मासमीलंति ॥ ६ ॥

અર્થ—સર્વે નદીઓ જેમ સમુદ્રમાં આવીને મળે છે તેમ ભગવતિ અહિંસા (દયા) ને વિષે સર્વે ધર્મ આવીને મળે છે. જૈન માર્ગ તો દયા મૂળજ છે પરંતુ સર્વ ધર્મને વિષે દયાની તો પ્રાધાન્યતાજ હોય છે.[1] દયા શિવાય કોઈ પણ ધર્મ માનનીક થઈ શકતો નથી. જૈન માર્ગ તો એક દયાનેજ સર્વ પ્રકારના વ્રતોનું મૂળ કહે છે. શ્રાવકના બારે વ્રત મુખ્ય કરીને પ્રાણાતિપાત વિરમણ નામના પ્રથમ વ્રતની રક્ષાને માટેજ છે. જે

---

१ दयाधर्मनदीतीरे सर्व्वेधर्म्मास्तृणांकुराः ।
तस्यांशोषमुपेतायां कियत्तिष्टंतितेचिरं ॥ १ ॥

"દયા ધર્મરૂપી નદીના તીરને વિષે સર્વે ધર્મો તૃણના અંકુરા સદૃશ છે તેથી તે દયારૂપ નદીને શોષ પામે તો તે ધર્મ કેટલા વખત સુધી રહી શકે છે. ? અર્થાત્ રહી શકતા નથી. સુષ્ક થઈ જાય છે. જેમ નદી સુષ્ક થએ છતે કીનારા પરનાં તૃણાંકુર સુષ્ક થઈ જાય છે તેમ સમજવું."

વળી અન્ય વૈષ્ણવાદિ ધર્મને વિષે પણ જીવદયા કહી છે. યદુક્તં–ભાગવતે પ્રથમ સ્કંધે અષ્ટમાધ્યાયે–અર્જુનપ્રતિ કૃષ્ણ વાક્યં–

यथापंकेनपंकांकं सुरयावासुराकृतीं ।
तथैवैकांजीवाहिंसां नयज्ञैर्माष्टुमर्हसि ॥ १ ॥

**ભાવાર્થ**—જેમ પંકયુક્ત વસ્ત્ર પંકથી શુદ્ધ થતું નથી અને મદીરા એકલીન વસ્ત્ર મદીરાએ ધોયાથી શુદ્ધ થતું નથી તેમ એક જીવ હિંસા યજ્ઞ કરવે કરીને પણ દૂર કરવા યોગ્ય નથી. અર્થાત્ યજ્ઞ કરવાથી પણ જીવ હિંસાવડે બંધાએલું પાપ નષ્ટ થતું નથી. કેમકે યજ્ઞ કરવામાં પણ હિંસા થાય છે તો હિંસાએ કરીને હિંસા દૂર કેમ થાય ! આમાં દયાની પ્રધાન્યતા અને યજ્ઞ ફળની અતિ ન્યૂનતા બતાવી છે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાણી સર્વથા પ્રથમ વ્રતનું આરાધન કરે છે તે સર્વ વ્રતનું આરાધન કરી શકે છે, અઢાર પાપસ્થાનકમાં પણ જે પ્રથમનું જીવ હિંસારૂપ પાપસ્થાનક આચરતો નથી, તેનાથી સર્વથા દુર રહે છે તે પ્રાયે અઢારે પાપસ્થાનકોથી દૂર રહી શકે છે. દયા ગુણ બહુજ શ્રેષ્ટ અને સર્વ આત્મ-હિતવાંછક જનોએ ધારણ કરવા યોગ્ય છે.

## ગુરૂસ્વરૂપ.

**ससरीरेविनिरीहा वझ्झ अभिंतरपरिग्गहवीरओ ।**
**धम्मोवगरणमित्तं धरंतिचारित्तरख्खट्ठा ॥ ७ ॥**
**पंचिंदियदमणपरा जिणुत्तसिद्धंतगहियपरमथ्था ।**
**पंच समियातिगुत्ता सरणंमहएरिसागुरुणो ॥ ८ ॥**

**અર્થ**—પોતાના શરિરને વિષે પણ ઈચ્છા વિનાના, બાહ્ય અને અભ્યંતર પરિગ્રહથી વિરમેલા, ચારિત્રની રક્ષા કરવાને માટેજ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પ્રમાણયુક્ત ધર્મોપકરણને ધારણ કરનારા, પાંચ ઇંદ્રિનું દમન કરવાને તત્પર, જિનોક્ત સિદ્ધાંતથી ગ્રહણ કર્યો છે પરમાર્થ જેણે, પાંચ સુમતિએ સુમતા અને ત્રણ ગુપ્તિએ ગુપ્તા એવા ગુરૂમહારાજાનું મને સરણ થાઓ.

**વિશેષાર્થ**—પોતાના શરીરની સુશ્રુષાને વિષે પણ મેઘકુમારની પરે મુનીરાજ નિરીચ્છ હોય છે. માત્ર એ શરીરવડે ધર્મારાધન થઈ શકે છે તે કારણથીજ પ્રાશુક અને એષણીય આહાર પાણીવડે તેને ઉપષ્ટંભ આપે છે. વળી બાહ્ય પરિગ્રહ ધન ધાન્ય રૂપ્ય સુવર્ણ તથા સ્ત્રીયાદિ અને અભ્યંતર પરિગ્રહ મિથ્યાત્વ વિષય કષાયાદિ તે થકી મુનિઓ વિરમેલા હોય છે અને ચારિત્રની રક્ષા કરવા માટે જિનેશ્વર ભગવંતે જેટલા ઉપગરણો જેજે પ્રમાણના અને જેવા પ્રકારના રાખવાના કહેલા છે તેજ પ્રમાણે ધર્મને અવલંબન દેનાર હોવાથી તેને ધર્મોપકરણ જાણીને ધારણ કરે છે. પાંચ ઇંદ્રીઓ—સ્પર્શેદ્રી રસેંદ્રી, ઘ્રાણેંદ્રી, ચક્ષુઇંદ્રી અને શ્રોતેંદ્રી એ પાંચનું દમન કરવાને અર્થાત્ તે ઇંદ્રીઓ સ્વેચ્છા મુજબ વર્તી ન શકે, પાપ કાર્યથી નિવર્તે અને ધર્મ કાર્યમાં જોડાય તેટલા માટે તેને વશ વર્તી કરવાને નિરંતર તત્પર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે. ઇંદ્રીઓને જીતીને શુભ કાર્ય સંયુક્ત થવા માટે તેના દુર્ગુણો બતાવીને શાસ્ત્રકાર ઉપદેશ કરે છે કે—

आत्मानंकुपथेननिर्गमयितुंयःशूकलाश्वायते,
कृत्याकृत्यविवेकजीवितहृतौयःकृष्णसर्पायते;
यःपुण्यद्रूमखंडखंडनविधौस्फूर्जत्कूठारायते,
तंलूप्तव्रतमूद्रमिंद्रियगणंजित्वाशूभंयूर्भव ॥

"આત્માને કુપથે નિર્ગમન કરાવવાને જે અડીયલ અશ્વ સમાન છે, કૃત્યાકૃત્યના વિવેકરૂપ જીવીતવ્યનું હરણ કરવાને જે કૃષ્ણ સર્પ સદૃશ છે, પુણ્યરૂપ વૃક્ષના વનને ખંડન કરવા માટે જે સ્ફુરાયમાન કુઠાર જેવો છે અને વ્રતની મર્યાદા જેણે લોપી છે એવા ઇંદ્રીયોના સમુહને જીતીને શુભ યુક્ત થાઓ." આ શ્લોકના ભાવાર્થ ઉપરથી ઇંદ્રીઓને જીતવાની આવશ્યકતા જણાઈ આવે છે અને મુનિ મહારાજા તે કાર્યમાં તત્પર હોય છે. જિનેશ્વર ભગવંતે કહેલા સ્યાદ્વાદ રસ સંયુક્ત સિદ્ધાંતનૂ ગુરૂ મહારાજની સમિપે પઠન પાઠન કરીને જેમણે પરમાર્થ (સત્ય અર્થ) ગ્રહણ કરેલો છે તેમજ પાંચ સુમતિ-ઈર્યા સુમતિ=શાસ્ત્રોક્ત રીતે યતના પૂર્વક ચાલવું તે, ભાષા સમિતિ=શાસ્ત્રોક્ત અનવદ્ય ભાષા બોલવી તે, એષણા સમિતિ=દોષ રહીત આહાર પાણી ગ્રહણ કરવું તે, આ દાન નિક્ષેપ સમિતિ=આસન શયનાદિક પ્રમાર્જના પૂર્વક મુકવું લેવું તે, પરિસ્થાપના સમિતિ=મળમૂત્ર શ્લેષ્માદિક શરીરને અનુપકારી પદાર્થ નિર્જીવ ભૂમિમાં સ્થાપન કરવો તે-આ પાંચ સમિતિએ કરીને સંયુક્ત હોય તેમજ ત્રણ ગુપ્તિ-મનોગુપ્તિ વચન ગુપ્તિ અને કાય ગુપ્તિ-અર્થાત્ અશુભ મન વચન કાયાનો નિરોધ કરવો અને શુભ મન વચન કાયાની પ્રવૃત્તિ કરવી એ પ્રકારની ત્રણ ગુપ્તિએ કરીને પણ સંયુક્ત હોય એવા પંચ મહાવ્રતના પાળનારા અને ચરણ સત્તરી તથા કરણ સત્તરીના આરાધનને વિષે નિરંતર તત્પર મુનિ મહારાજ ગુરૂપદને લાયક છે અને તેજ શરણ કરવા યોગ્ય છે.

અન્ય મતોમાં અનેક પ્રકારની શરીરની સુશ્રુષાના કરનાર, પરીગ્રહી, સ્રીપૂત્રાદિકને વિષે મોહ ધારણ કરનાર અને સાંસારીક વિષયોવડે ઈંદ્રી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોને તૃપ્ત કરનાર તેમજ ધર્મ જ્ઞાનથી વિમુખ—માત્ર ગુરૂપણાનું નામ માત્ર ધરાવનારને ગુરૂપણે માને છે તે કેવળ ભવ ભ્રમણનુંજ કારણ છે.

હવે જૈન માર્ગને વિષે રહેલા કહેવાતાં છતાં પણ જેઓ વંદન કરવા ને યોગ્ય નથી—જૈન મતમાં જેને અવંદનીક કહેલા છે એવા કુગુરૂનું સ્વરૂપ કહે છે—

**पासथ्योउसन्नो होइकूसीलोतहेवसंसत्तो ।**

**अहछंदोवियएए अवंदणिज्जाजिणमयंमि ॥ १ ॥**

અર્થ—પાસથ્થો ઉસન્નો, કુસીલીઓ, સંસક્તો અને યથાચ્છંદો એ જીનમતને વિષે અવંદનીક છે.

૧ જ્ઞાનાદિક ગુણને બાજુ ઉપર રાખીને મિથ્યાત્વાદિક સેવે તેને પાસથ્થો કહીએ. તેના બે પ્રકાર છે. જે ગાઢગ્લાનત્વાદિ કારણવિના સ-જ્યા તરપિંડ, સામો આવેલો પિંડ, રાજ્યપિંડ, નિત્યપિંડ, અગ્રપિંડાદિક ગ્રહણ કરે તેમજ શાસ્ત્રોક્ત બીજા દોષોનું સેવન કરે તેને દેશથી પાસથ્થો કહીએ અને જે સર્વથા જ્ઞાન, દર્શન અને ચારિત્રથી અળગો રહે, કેવળ લિંગધારી, વેષવિડંક, ગૃહસ્થાચાર ધારી હોય તેને સર્વથી પાસથ્થો કહીએ.

જે ક્રિયા માર્ગને વિષે શિથિળતા કરે અથવા ખેદ પામે તેને ઉસન્નો કહીએ. તેના પણ બે ભેદ છે. તેમાં જે આવસ્યક, પ્રતિક્રમણ, દેવવંદ-નાદિક ક્રિયા વિધિ સંયુક્ત ન કરે, ઓછી અધીકી કરે ઈત્યાદિ દોષવાળાને દેશથી ઉસન્નો જાણવો અને જે નિષ્કારણ ચોમાસાવિના શેષકાળે પાટપા-ટલાદિક વાપરે, સ્થાપના પિંડ જમે વિગેરે દોષવાનને સર્વથી ઉસન્નો જાણવો.

૩ જેનો કુત્સિતનિંદનીય શિલ એટલે આચાર હોય તેને કુશી-લીયો કહીએ. તેના ત્રણ ભેદ છે. તેમાં જે શાસ્ત્રોક્ત કાળ વિનય બહુ માનાદિક ભેદ હીનપણે જ્ઞાનાભ્યાસ કરે, આજીવિકા ધર્મ કથા કહે, પુસ્તકાદિકનો ક્રય વિક્રય કરે વિગેરે જ્ઞાન સંબંધી આચાર હીન હોય તેને જ્ઞાનકુશીલ જાણવા. અને જે શંકા કાંક્ષાદિક અતિચાર લગાડે તથા કુશીલીઆ અને વેશ વિડંબકોનો પરિચય કરે તેને દર્શન કુશીલ જાણવા તથા જ્યોતિષ, નિમિત્ત, મંત્ર, તંત્ર, યંત્ર, ઔષધાદિક કરે તથા શરીર સુશ્રુષા વિશેષે કરે તેવાઓને ચારીત્ર કુશીલ જાણવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ સંસક્તાના બે ભેદ છે તેમાં જે પાસથ્થા અથવા સંવેગીમાંથી જેનો જેનો સગાગમ થાય તેના તેના સમાગમથી તે અવસરે તેવો થઈને પ્રવર્તે તેને અસંક્લિષ્ટ ચિત્ત સંસક્તો કહીએ અને જે પાંચ આશ્રવનો સેવનાર, ત્રણગારવે સહીત સ્ત્રી ગ્રહાદિક સેવનને વિષે પ્રસક્ત, અપધ્યાન શીલ અને પરગુણ મત્સરી હોય તેને સંક્લિષ્ટ ચિત્ત સંસક્તો કહીએ.

૫ જે સાધુ વેષધારક છતાં યથારૂચિએ પ્રવર્તે, યથા તથા બોલે, ઉત્સૂત્ર ભાષણ કરે, પોતાના સ્વાર્થના ઉપદેશ આપે, ઉપકારી ધર્માચાર્યોની હેલણા કરે, બહુ શ્રુતની નિંદા કરે વિગેરે અનેક પ્રકારે સ્વેચ્છા મુજબ વર્તનાર છે અને ગુરૂની આજ્ઞાથી બહીર્મુખ છે તેને યથાછંદા જાણવા. તેના અનેક ભેદ છે.

આ પ્રમાણે કુગુરૂના શાસ્ત્રકારે પાંચ ભેદ કહેલા છે. જેઓ વંદન કરવા યોગ્ય નથી. હવે તેમને વંદન કરવાથી શું થાય તે આગલી ગાથાવડે શાસ્ત્રકાર કહે છે. (અપૂર્ણ.)

---

# ज्ञानीजनो जीवीत एम गाळे.

## ( ઉપજાતિ )

વૈરાગ્ય વાતો ચિત્તમાં વિચારે, વિદ્યા કળા નીત્ય નવાં વધારે;
કૂછંદ કૂચાલ સ્વપ્ને ન ચાલે, જ્ઞાનીજનો જીવીત એમ ગાળે. ૧
સ્વભાવ સવિતા ઉદયાસ્ત જેવો, સુખે દુઃખે શાંત સમાન તેવો;
વિવેકથી બાળક બુદ્ધિ ટાળે, જ્ઞાનીજનો જીવીત એમ ગાળે. ૨
વિચારી વિચારી પગલાં ભરે તે, વિચારી વિચારી વચનો વદે તે;
કંકાશને ક્લેશ હમેશ ટાળે, જ્ઞાનીજનો જીવીત એમ ગાળે. ૩
સંપત્તિમાં કોમળ મુખ ભાખે, આપત્તિ કાળે ઉર વજ્ર રાખે;
ના હીંમતી થાય ન કોઇ કાળે, જ્ઞાનીજનો જીવીત એમ ગાળે. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'સંયોગ વિયોગ સ્વભાવ એવો', 'સંસારનો હર્ષ વિષાદ કેવો;'
એવી રીતેથી મન નીજ વાળે, જ્ઞાનીજનો જીવીત એમ ગાળે. ૫
કદી નહિં કોનું અપાય ચિંતે, દુઃખી દીનોના ઉપાય ચિંતે;
ઇંદ્રીયના સૌ વિકાર ખાળે, જ્ઞાનીજનો જીવીત એમ ગાળે. ૬
સદા સદાચાર શીખે શીખાવે, કદી અનાચાર ચિત્તે ન આવે;
તત્વો તપાસી પ્રપંચ ટાળે, જ્ઞાનીજનો જીવીત એમ ગાળે. ૭
સર્વોપયોગી જન હિત કામે, કરે પ્રયત્નો શુભ ઠામ ઠામે;
સ્વધર્મિ નિરાશ્રીત નિત્ય પાળે, જ્ઞાનીજનો જીવીત એમ ગાળે. ૮
સંતોષ ધારે બુદ્ધિ વધારે, ગુણી થઈ ગર્વ કદી ન ધારે;
બીજા વળી દુર્ગુણ સર્વ બાળે, જ્ઞાનીજનો જીવીત એમ ગાળે. ૯
સુકૃત્ય કામો નીત્ય આદરે છે, દુષ્કૃત્ય પાપો થકી તે ડરે છે;
ટેકી વિવેકી કૂળ અંજવાળે, જ્ઞાનીજનો જીવીત એમ ગાળે. ૧૦

## ચૈતર માસમાં તિથિઓની વધઘટ તથા જૈન પર્વ.

**સંવત ૧૯૪૭ ચૈતર માસ ૩૦.**

**શુદ ૧ ગુરૂ. નવું વર્ષ. શાકે ૧૮૧૩.**
**શુદ ૪ રવી. રોહીણી.**
**શુદ ૮ ગુરૂ. આંબેલની ઓળી બેસશે.**
**સુદ ૧૩ મંગળ–બુધ–બે.**
**શુદ ૧૫ શુકર. ઓળી સંપૂર્ણ- ચૈતરી પુનમ. શ્રી સિદ્ધાચળજીની યાત્રા.**
**વદ ૭ નો ક્ષય.—**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

પુસ્તક છઠું.

સં. ૧૯૪૬ ના ચૈતરથી સં. ૧૯૪૭ ના ફાગણ સુધીના અં. ૧૨.

मालिनी

प्रशम रस निमग्नं, दृष्टियुग्मं प्रसन्नं;
वदन कमल मंकः कामिनी संग शून्यः
कर युगमपि यत्ते, शस्त्र संबंध वंध्यं
तदसि जगति देवो, वीतराग स्त्वमेव ॥१॥

प्रगटकर्त्ता.

श्री जैनधर्मप्रसारक सभा
ભાવનગર.

अमदावादमां.

"એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં"
શા૦ નથુભાઈ રતનચંદે છાપી પ્રસિદ્ધ કર્યું.

શક ૧૮૧૨. સન ૧૮૯૦

મૂલ્ય વર્ષ ૧ નો રૂ૧—૦—૦ અગાઉથી પોસ્ટેજ રૂ૦—૩—૦ જુદુ
છુટક અંક એકના રૂ૦—૨—૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

वसंततिलका.

जानंतिनैवबहवोपिपरप्रयासं ।
ज्ञात्वापिहंतकुटिलाविमतिंभजंते ॥
तेकेचिदेवशशिकांतमणिस्वभावा ।
येषांमनःपरगुणैर्द्रवतामुपैति ॥ १ ॥

**અર્થ**—ઘણા મનુષ્યો તો પારકા પ્રયાસને જાણતાજ નથી અને કેટલાએક દુર્જનો જાણ્યા છતાં પણ વિપરિતપણાને ધારણ કરે છે. પરંતુ ચંદ્રકાંત મણિ સદ્રશ સ્વભાવવાળા તો કોઈક સજ્જનો હોય છે કે જેમના મન પારકા ગુણોએ દ્રવતા પ્રત્યે-હર્ષિતપણા પ્રત્યે પામે છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# वार्षिक अनुक्रमणिका.


| | વિષય | પૃષ્ટ. |
|---|---|---|
| ૧ | શ્રી જિનેંદ્રસ્તુતિ. ( પદ્યમાં ) | ૧ |
| ૨ | નવુંવર્ષ. | ૨ |
| ૩ | સમવસરણ. | ૩ |
| ૪ | અન્યત્વભાવના. | ૮ |
| ૫ | અમરદત્ત અને મિત્રાનંદ. | ૧૩-૨૯-૪૧ |
| ૬ | મુનિરાજ શ્રી હર્ષવિજયજીનો સ્વર્ગવાસ. | ૧૬ |
| ૭ | એક સભાસદની પંચત્વ પ્રાપ્તિ. | ૧૬ |
| ૮ | પ્રશ્નોત્તર (લખનાર મુનિમહારાજ શ્રી આત્મારામજી. | ૧૭-૬૫-૧૧૩-૧૨૯-૧૪૫ |
| ૯ | સત્સંગતિ. | ૨૦ |
| ૧૦ | સામાયિક. | ૨૨-૩૯ |
| ૧૧ | આત્મહિતોપદેશ (લખનાર મુની શાંતિવિજયજી ) | ૩૩ |
| ૧૨ | કુમતિ મતધ્વંસ સમાચાર. | ૪૬ |
| ૧૩ | વર્તમાન ચરચા. | ૪૭-૧૪૪ |
| ૧૪ | અત્યંત ખેદકારક મૃત્યુ. | ૪૮ |
| ૧૫ | જીવ અને કર્મ. | ૪૯ |
| ૧૬ | ધનપાળ પંડિતની કથા. | ૫૩-૭૦ |
| ૧૭ | જૈનધર્મોદય ( ઢુંઢક ચોપાનિયા સંબંધી.) | ૫૭ |
| ૧૮ | પ્રતિક્રમણ. | ૭૫-૧૪૨-૧૭૪ |
| ૧૯ | ખુશીખબર. | ૮૦ |
| ૨૦ | નિતી અને સજ્જન દુર્જન પરીક્ષા (લખનાર મુનિ શાંતિવિજયજી). | ૮૧ |
| ૨૧ | અવન્તીસુકુમાળ. | ૮૯ |
| ૨૨ | વચનામૃત (લખનાર મુની શાંતિવિજયજી) | ૮૫ |
| ૨૩ | મનુષ્ય જન્મની સાર્થકતા શીરીતે થાય ? | ૯૩ |
| ૨૪ | શ્રી નેમીનાથ જિનસ્તુતિ. (દાંડી) | ૯૬ |
| ૨૫ | ચાર ધ્યાનનું સ્વરૂપ (લખનાર મુનિ શાંતિવિજયજી) | ૯૭ |
| ૨૬ | ચરચાપત્ર (મુનિરાજ શ્રી આત્મારામજીના ઉત્તર યુક્ત.) | ૧૦૦ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૭ ઉદ્યાપન (ઉજમણા સંબંધી) ૧૦૬
૨૮ શ્રીવજ્રસ્વામીનું ચરિત્ર. ૧૧૧-૧૧૬-૧૩૮-૧૬૧-૧૮૩
૨૯ ચર્ચાપત્રનો ઉત્તર. ૧૨૦
૩૦ જયણા. ૧૨૨
૩૧ શ્રી ભાવનગરમાં ઉદ્યાપનનો મહોત્સવ. ૧૨૫
૩૨ ચરચાપત્ર (લખનાર જૈની જીયાલાલ ફરૂખનગર) ૧૩૪
૩૩ અચ્ચંકારી ભટ્ટાનું ચરિત્ર. ૧૫૧
૩૪ આજ્ઞાએ ધર્મ. ૧૫૬
૩૫ લોભ. ૧૫૯-૧૬૫
૩૬ સંબોધ સત્તરી. [અર્થ અને વિવેચન સાથે.] . ૧૭૦-૧૮૭
૩૭ ડાકટર હોર્નલનું વખાણવા લાયક કૃત્ય. ૧૭૫
૩૮ દાન, શીલ, તપ અને ભાવ વિષયક સંવાદ [લખનાર મુનિ શાંતિવિજયજી.) ૧૭૭
૩૯ જ્ઞાનીજનો જીવીત એમ ગાળે. [પદ્યબંધ] ૧૯૧
૪૦ ચૈતરમાસમાં તિથિઓની વધઘટ તથા જૈનપર્વ. ૧૯૨

वसंततिलका.

एतान्वसद्रसभरान् विविधान्निबंधान् ।
सद्धर्मबोधरसदान् सुखदान् श्रुतीनाम् ॥
हर्षप्रदान्सुविदुषां समधर्मिणांच ।
प्रोल्लास्यवर्षकमिदं परिपूर्ण मासित् ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

त्मारामजी ( आनंदविजयजी ) ना शिष्य मुनीराज श्री हंसविजयजी गयुं चोमासुं रहेला ते उपरथी त्यां घणोज उपकार थयेलो छे. ते संबंधी पृथक् पृथक् आ चोपानीआमां लखायेलुं छे. आ चतुर्मासनी अंदर त्यां ज्ञान खाताना उपजेला रु ७४–८–० मुनीराज श्री हंसविजयजीनी सम्मतीथी देशावरनी जैन शाळाओमां धर्म संबंधी पुस्तको मोकलवा सारु त्यांना संघ तरफथी अमारी उपर आवेला तेमांथी नीचे प्रमाणे किंमतनी चोपडीओ जणावेला गामोनी जैनशाळाओमां मोकलावी छे. अजीमगंजना श्री संघनुं आकृत्य सघळा गामोना संघोए दाखलो लेवा लायक छे अने ज्ञान खाताना रुपैआ एकठा करी न राखता तेनो तात्काळीक आ प्रमाणे सदुपयोग करवो घटे छे.

११–४–० श्री अजीमगंजनी जैनशाळामां बुको मोकलावी छे.
१२-११-० श्री भावनगरनी अमारी सभा तरफनी जैन विद्याशाळामां जैन विद्यार्थीओने अभ्यास करवा माटे बुको मुकी छे.
१०–०–० श्री घोराजीनी जैनशाळामां मदद दाखल बुको मोकलावीने त्यांनी जैनशाळाने जागृत करी छे.
९–६–६ श्री घोळेरानी जैनशाळामां बुको मोकलावी छे.
२–१–० श्री ठळीआना श्रावकोने भणवा सारु बुको आपी छे.
२-११-० श्री अडवाळना श्रावकोने भणवा सारु बुको आपी छे.
५–८–० श्री गोधानी जैनशाळामां बुको मोकलावी छे.
२–४–० श्री मूळीना श्रावकोने भणवा सारु बुको आपी छे.
३–४–० श्री भूजना जैन विद्यार्थीओने माटे बुको मोकलेली छे.
२–०–० श्री प्रभासपाटणनी जैनशाळामां बुको मोकलावी छे.
३–९–० श्री डभोइनी जैनशाळामां बुको मोकलावी छे.

६४–१०–६ बाकी रु ९–१३–६ अनामत रहेला छे तेनी बुको जरुरवाळी जैनशाळाओमां मोकलवानी छे. मंत्री.

## જાહેર ખબર.

નીચે જણાવેલા પુસ્તકો નીચે સહી કરનાર પાસેથી તેમજ અમારી ઓફીસમાંથી પણ મળશે. કિંમત ઉપરાંત પોસ્ટેજ જૂદુ સમજવું.

प्रबंधचिंतामणिः ગુજરાતી ભાષાંતર સહીતના रु ३) મૂ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ળ એકલાના અથવા ભાષાંતર એકલાના રૂ ૨) આ ગ્રંથ સરકારી નિશાળના વિદ્યાર્થીઓને, ગુજરાતના ઇતિહાસમાં વધારે સુજ્ઞપણું મેળવવામાં તેમજ જૈન ધર્મનો પ્રભાવ જાણવામાં ઘણોજ ઉપયોગી છે.

**रंभामंजरी नाटीका जैनी संस्कृत.** કીંમત રૂ ૦ાા.

**वैराग्यरत्नाकर भाग पहेलो** જેમાં વૈરાગ્ય શતક સવિસ્તર બાળાવબોધ તથા કથાઓ સહીત છે. કીંમત રૂ ૧)

**મુ. અમદાવાદ.** } **શાસ્ત્રી. રામચંદ્ર દિનાનાથ.**
સાંકડીશેરીમાં જતીની પોળ.

## लवाजमनी पहोच.

૧—૩ પરી. પરશોતમ પરમાણંદ
૧—૩ શા. લશ્કર સુરચંદ
૧—૦ શેઠ. મગન ભાણજી
૧—૦ સલોત. દીવાળી જુઠા
૭—૨ શા. ફુલચંદ માનાભાઇ
૧—૦ શા. ઠાકરશી વરધમાન
૧—૩ મેતા. ગોપાળજી ધનજી
૧—૩ શેઠ. ચતુરચંદ ગલુકચંદ
૧—૦ શા. આણંદજી પુરશોત્તમ
૧—૦ શા. ભાણા જીણા
૧—૦ પરી. શંકર પરાગજી
૧—૩ શા. લાલચંદ ડાહ્યા
૧—૩ શા. વીરચંદ જેચંદ
૧—૩ ડાકટર. ગોવીંદરાવ દીપાજી
૨—૯ શા. ફુલચંદ બેચર
૦—૯ શા. નારણજી મુળજી
૨—૬ શા. હીરાચંદ કલ્યાણજી
૧—૩ શેઠ. વીરચંદભાઈ દીપચંદ
૧—૩ મેતા. કસળચંદ મેઘજી.
૧—૩ દોશી ડુંગરદાસ લવજી
૧—૩ શા. નેમચંદ ફકીરચંદ
૧—૦ શા. નાથાભાઇ જેચંદ
૧—૩ શા. મુળજી માણેકચંદ
૨—૬ શા. જેઠાભાઈ ઉકરડા
૧—૩ શેઠ. પ્રેમચંદ રાઈચંદ
૩—૯ શેઠ. માણેકચંદ પાનાચંદ
૨—૬ શા. દલીચંદ ભાઇચંદ
૨—૬ શા. મદનજી જેચંદ
૧—૧૩ શા. વેણીચંદ સુરચંદ
૨—૬ સંઘવી; માણેકચંદ પાસવીર
૧—૩ શા. રણછોડ સેસકરણ
૧—૩ શા. લીલાચંદ ઉજમચંદ
૧—૩ શા. ભાઇચંદ બેચર
૧—૩ શા. લખમીચંદ ઠાકરશી
૧—૩ શા. મોતીલાલ ગીરધરલાલ
૧—૩ ભાઈ. લખેચંદ રામચંદ
૧—૩ ભાઇ. પ્રથ્વીરાજજી જીતમલજી
૧—૩ શા. વાડીલાલ ડુંગરશી
૧—૩ શા, મગનભાઈ પ્રતાપચંદ
૧—૩ શા. રતનચંદ ગુલાબચંદ
૧—૩ શા મેળાપચંદ જગજીવનદાસ
૧—૩ શા. ટોકરલાલ છગનલાલ
૧—૩ શા. મગન ભુદર
૧—૩ શા. કુબેર ચતુર
૧—૩ શા. શામળદાસ જેઠાભાઇ
૧—૩ શા. થોભણ દામજી
૧—૩ મારવાડી. હરનાથ રૂપચંદ
૨—૬ શેઠ. ખુબચંદ માણેકચંદ
૧—૩ શા. મગનલાલ દલપતરામ
૧—૩ શા. શામજી જેચંદ
૧—૩ શા. તલકચંદ જેઠા
૨—૬ શા. જેપાળ રામચંદ
૩—૯ શેઠ. ત્રીકમજી મુળજી
૨—૬ શેઠ મોહનભાઇ મગનલાલ
૧—૩ શા. ફુલચંદ ધરમચંદ
૧—૩ શા. કરશનજી અમરચંદ
૨—૬ શા. પ્રેમચંદ હીરાચંદ
૨—૬ શા. ભગુભાઇ છગનલાલ

For Private And Personal Use Only